જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૨૭/૫/૨૦૧૫ બુધવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયા :-** **સમાચાર યાદી નં.૧૦૬૫/૧૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૧ કેસ કરી ૪૦ વ્યક્તિઓને ઝડપી, ૪૧૭ લીટર દેશી દારૂ, ૦૬ બોટલ ઇગ્લીશદારૂ અને ૩૧ બિયરટીન કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૦૨ કેસ કરી ૦૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪,૪૨૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૦૬૬/૧૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૨૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી. ૯૩ મુજબ ૦૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**અપહરણઃ-** **સમાચાર યાદી નં.૧૦૬૭/૧૫**

**સાબરમતી :** જશીબહેન સુરેશભાઇ શ્રીમાળી (રહે,ગાંધીવાસ, રામાપીરના મંદિર પાસે, સાબરમતી) એ તા.૨૬/૫/૧૫ નારોજ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૪/૫/૧૫ બપોરનાં ૩/૦૦ થી ૪/૩૦ વાગ્યા દરમ્યાન ઘર નજીકથી પોતાની પુત્રી અંકિતા (ઉ.વ.૧૬) ને કોઇ અજાણી વ્યક્તિ લલચાવી ફોસલાવી અપહરણ કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એ.જે.ગોંડલીયા ચલાવે છે.

**વિશ્વાસઘાત અને છેતરપીંડી :-** **સમાચાર યાદી નં.૧૦૬૮/૧૫**

**ક્રાઇમબ્રાન્ચ :** સંજયભાઇ જગદીશભાઇ દલાલ (ઉ.વ.૪૩)(રહે, બીલ્ડીગ ધ લેજેન્ડ,સેક્ટર-૫૭,ગુડગાવ, હરીયાણા) એ તા.૨૬/૫/૧૫ નારોજ ક્રાઇમબ્રાન્ચ ખાતે ફરીયાદ નોધાવી છે કે સને ૨૦૧૧ થી આજદીન સુધી આરોપી (૧) હોમી નવીનચંન્દ્ર મરાઠા (૨) નવીનચંન્દ્ર નાતુલાલ મરાઠા (બન્ને રહે,મરાઠા લો ચેમ્બર્સ, કંચન કાશી ૫૫, આઝાદ સોસાયટી ,ભ્રહ્મભટ હોલ પાસે આંબાવાડી) એ ભેગામળી મોબાઇલ ફોન, ઈન્ટરનેટનાં માધયમથી તેમજ આરોપીનાં ઘરે, સંજયભાઇને વિશ્વાસમાં લઇ, આરોપીઓ પોતે વકીલ નહી હોવા છતાં, પોતે વકીલ છે તેમ કહી, સર્વિકે પીટીશન નામ.ગુજરાત હાઇકોર્ટમાં દાખલ કરવાનુ જણાવી, કેસ લડવાનું કહી, સંજયભાઇ પાસેથી કુલ રૂપિયા ૩,૦૦,૦૦૦/- મેળવી, સ્પે.સિ.એ.નં.૧૦૭૪૫/૨૦૧૧ નો બનાવટી ઓર્ડર ઈ-મેલ મારફતે મોકલી, સંજયભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી જે.એસ.ગેડમ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**ઘરફોડ:-** **સમાચાર યાદી નં.૧૦૬૯/૧૫**

**ચાંદખેડા :** મનુભાઇ અજરામભાઇ પરમાર (રહે,અચલ રેસીડન્સી, વિભાગ-૨, ન્યુ સી.જી.રોડ, ચાંદખેડા) એ તા.૨૬/૫/૧૫ નારોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૩/૫/૧૫ સાંજના ૬/૩૦ થી તા.૨૬/૫/૧૫ નાં કલાક ૪/૪૫ વાગ્યા દરમ્યાન પોતાના મકાનનાં દરવાજાનું તાળુ તોડી, અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી, તીજોરીમાંથી સોના-ચાંદીના દાગીના કિંમત રૂપિયા ૪૫,૦૦૦/- અને રોકડ રૂપિયા ૧૨,૦૦૦/- મળી કુલ રૂપિયા ૫૭,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.એમ.દવે ચલાવે છે.

**ચોરી :-** **સમાચાર યાદી નં.૧૦૭૦/૧૫**

**ઓઢવ :** કિંજલબહેન મનસુખભાઇ લાખાણી (રહે: નરનારાયણી સોસાયટી, પ્રેમ બિસ્કીટ સામે, નરોડા) એ તા.૨૬/૫/૧૫ બપોરનાં ૩/૦૦ થી ૩/૩૦ વાગ્યા દરમ્યાન ઓઢવ નિકોલગામ પાછળ વૃદાવન ફાર્મ પાસે, ફેન્સી.૧૮ નામની સાઇટનાં મુખ્ય દરવાજા પાસે પોતાની હુન્ડાઇ કાર પાર્ક કરી મુકી હતી. જે કારની પાછળનાં દરવાજાનો કાચ તોડી, અજાણી વ્યક્તિ કારમાંથી જરૂરી દસ્તાવેજો અને રોકડ રૂપિયા ૪૦,૦૦૦/- ભરેલ પર્સની ચોરી કરી લઇ ગઇ છે. આ અંગેની ફરીયાદ કિંજલબહેન લાખાણીએ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.એસ.ચાવડા ચલાવે છે.

**વટવા :** કુલદીપસિંગ પ્રતાપસિંગ ચૌહાણ (રહે: ગામ પકી, નયા મંદીર, થાના: પકી, તા.કાનપુર, જી.કાનપુર, ઉત્તરપ્રદેશ) એ તા.૩૦/૪/૧૫ રાતનાં ૦૦/૩૦ થી સવારનાં ૧૦/૦૦ વાગ્યા દરમ્યાન વટવા જેતલપુર, માધવી કાર્ગો મુવર્સની ઓફીસ સામે પોતાની ટ્રક નંબર યુપી.૭૭.એન.૦૮૩૪ પાર્ક કરી મુકી હતી. જે ટ્રકની તાડપત્રી કાપી, ટ્રકમાંથી કોઇ અજાણી વ્યક્તિ નેરોલેક કંપનીના કલર ડ્રમ નંગ-૩૯ તથા કાર્ટુન નંગ-૪૦૩ મળી કુલ ૪૪૨ નંગ કાર્ટુન કુલ કિંમત રૂપિયા ૨,૫૦,૦૦૦/- મતાનાં ચોરી કરી લઇ ગઇ છે. આ અંગેની ફરીયાદ કુલદીપસિંગ ચૌહાણે તા.૨૬/૫/૧૫ નારોજ વટવા પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.એસ.પટેલ ચલાવે છે.

**વાહનચોરી :-** **સમાચાર યાદી નં.૧૦૭૧/૧૫**

**સરખેજ :** રમેશભાઇ કેશવભાઇ પટેલ (રહે: આંબલી ગામ, મંદિરવાળો વાસ, તા.દસ્ક્રોઇ, જી.અમદાવાદ) એ તા.૨૨/૫/૧૫ રાતનાં ૧૦/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘર નજીક પોતાનું ટ્રેકટર નંબર જીજે.૦૧.આર.એચ.૧૮૮૪ કિંમત રૂપિયા ૨,૦૦,૦૦૦/- પાર્ક કર્યુ હતુ. જેની ચોરી તા.૨૩/૫/૧૫ સવારનાં ૮/૦૦ વાગ્યા દરમ્યાન થઇ હતી. આ અંગેની ફરીયાદ રમેશભાઇ પટેલે તા.૨૬/૫/૧૫ નારોજ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એમ.પઠાણ ચલાવે છે.

**ઘાટલોડીયા :** ભગવાનભાઇ રૂડાભાઇ કાંકરેચા (રહે.મધુવન રો.હાઉસ, શ્રીજી એપાર્ટમેન્ટની સામે, કે.કે.નગર રોડ, ઘાટલોડીયા) એ તા.૨૪/૫/૧૫ સાંજનાં ૬/૦૦ વાગ્યાના સુમારે ઘાટલોડીયા, નિર્મલ એપાર્ટમેન્ટ, બ્લોક નં ૯૫ ના પાર્કિંગમાં પોતાની મહિન્દ્રા કંપનીની બોલેરો પીકઅપ ગાડી નંબર જીજે.૧.ડી.વી.૦૮૬૯ કિંમત રૂપિયા ૫,૦૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી તા.૨૬/૫/૧૫ સવારનાં ૭/૦૦ વાગ્યા દરમ્યાન થઇ હતી. આ અંગેની ફરીયાદ ભગવાનભાઇ કાંકરેચાએ તા.૨૬/૫/૧૫ નારોજ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.આર ચૌધરી ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**વાહન અકસ્માતમાં મૃત્યુ :-** **સમાચાર યાદી નં.૧૦૭૨/૧૫**

**શાહપુર :** દશરથભાઇ રામાજી પઢીયાર (રહે.પીરૂ પઢીયારની ચાલી, સંતોષીમાતાના મંદિર પાસે, અસારવા) એ શાહપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે પોતાના પિતા રામાજી કસ્તુરજી પઢીયાર (ઉ.વ.૫૫) નાઓ તા.૨૬/૫/૧૫ સવારનાં ૯/૦૦ વાગ્યાના સુમારે દિલ્લી દરવાજા થી શાહપુર દરવાજા તરફ જતાં રોડ ઉપર દિગંબર મંદિર પાસે રસ્તો ક્રોસ કરતાં હતા દરમ્યાન એક અજાણ્યા મારૂતી કારનાં ચાલકે પોતાની કાર પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી લાવી, રામાજીને ટક્કર મારતાં, શરીરે ગંભીર ઇજાઓ થતાં, સારવાર અર્થે તેમને સિવીલ હોસ્પીટલ લાવતાં ફરજ પરનાં ડૉ.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.એમ.ઝાલા ચલાવે છે.

**સીડી પડતાં મૃત્યુ :-** **સમાચાર યાદી નં.૧૦૭૩/૧૫**

**બાપુનગર :** ગર્જેન્દ્રસિંહ અનારસિહ કુશવાહ (રહે.જોધાપુરા ગામ, તા.ખીરાગઢ જી.આગ્રા ઉત્તરપ્રદેશ) તા.૨૪/૫/૧૫ બપોરનાં ૧/૦૦ વાગ્યાના સુમારે બાપુનગર જીવન સાધના સ્કુલની બાજુમાં આવેલ સુદર્શન સોસાયટી ખાતે મકાનનાં તોડફોડનું મજુરી કામ કરતા હતા. દરમ્યાન સીડી નીચે થાક ખાવા બેઠા હતા ત્યારે અચાનક સીડી તુટીને નીચે પડતાં, ગજેન્દ્રસિંહને માથાનાં ભાગે અને શરીરે ગંભીર ઇજાઓ થતાં, તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી એમ.કે.ખાંટ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૦૭૪/૧૫**

**એલીસબ્રીજ :** બિરેનભાઇ કિશોરચંદ્ર શાહ (ઉ.વ.૪૬)(રહે.ઇન્દ્રપ્રથ એપાર્ટમેન્ટ, પાલડી) એ કોઇ કારણસર તા.૨૬/૫/૧૫ સાંજના ૫/૧૦ વાગ્યા પહેલાં કોઇપણ સમયે આંબેડકરબ્રીજ નજીક નદીમાં પડી, ડુબી જઇ આત્મહત્યા કરી લીધી હતી. આ અંગે એલીસબ્રીજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી ફતેસિંહ રૂપાભાઇ ચલાવે છે.

**વસ્ત્રાપુર :** ગીરજાશરણ સદાશીવ સોની (રહે.નેબ્યુલા ટાવર, ગ્રાન્ડ ભગવતી હોટલ પાસે, એસ.જી.હાઈવે બોડકદેવ) એ કોઇ અગમ્ય કારણોસર તા.૨૬/૫/૧૫ બપોરના ૩/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દોરડુ બાંધી, ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી લીધી હતી. આ અંગે વસ્ત્રાપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી સરફરાજખાન ગુલાબખાન ચલાવે છે.

(ઇ.ચા.)નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)